સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

લડ્યા એકલ પંડ, વીર 'શિવાજી' થઇ આવે છે,
લીધો 'દાંડિયો' હાથ વીર 'નર્મદ' થઇ આવે છે.
વડનગરનો પુત્ર આવ્યો વડાપ્રધાન બની -
'રામ-રાજ' સ્થાપવા વીર 'નરેન્દ્ર' થઇ આવે છે.
(ગુજરાત નું ગૌરવ)

હાઈકુ

સતાવે સૌને,
સત્તાનાં જ સપનાં -
આવે ન ઉંઘ!
(મહારાષ્ટ્ર માં દોરડાંખેંચ)

કાશ્મીર પર,
વરસે આભમાંથી -
આતંકી ખોફ!
(ફરી વરસાદ)

ચિંતન

વ્યભિચારો ન કર્તવ્યઃ પુમ્ભિઃ સ્ત્રી ભિશ્ચ માંશ્રિતેઃ ।
ધુતાદિ વ્યસનં ત્યાજયં નાધં ભંગાદિ માદકમ્ ॥

સદ્જીવનનો બોધ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે :

આપણા આશ્રિત-નોકર-ચાકરને કુટુંબીજનો જે આપણા ભરોસે વિશ્વાસ રાખે છે તેમનો દ્રોહ-વિશ્વાસઘાત કે તેમની સાથે કોઇ પણ જાતનો દુર્વ્યવહાર ન કરવો.

જુગાર-દારૂ-ભાંગ કે કોઇ પણ જાતનાં કેફી પીણાં ન પીવાં કે એવો કોઇ વ્યસનનું સેવન ન કરવું. જીવન નિર્વ્યસની, સરળ અને સાત્ત્વિક હોવું જોઇએ.

ઇશ્વરે આપેલું આયુષ્ય અને જીવન કોઇ સદ્કાર્યના હેતુ માટે જ છે એને ખોટાં વ્યસન અને સુખભોગના રવાડે ચડાવી વેડફી ન નાખવું જોઇએ તંદુરસ્ત અને નિરોગી શરીર દ્વારા જ સાધના-આત્મવિકાસ અને સમાજના ઋણ જેવા સત્કાર્યો થઇ શકે છે. વ્યસની-વાસના યુક્ત શરીર ક્ષીણ થઇ જાય છે અને નિરૂપયોગી થઇ જાય છે.

સુવિચાર

- વો કહેતે થે સોચ લેના થા મહોબત કરને સે પહેલે, અબ ઉનકો કૌન સમજાયે, સોચ કરતો સાઝીશ કી જાતી હૈ મહોબત નહી **- વસીમ બરેલવી**
- માણસનું ચારિત્ર્ય બદલવું હોય તો તેના વિચારો બદલો **- સંત રોબિન**
- પૈસા કમાવા બુદ્ધિની જરૂર પડતી હશે, પણ એના સદ્ઉપયોગ માટે તો સંસ્કાર જ જોઇએ **- એસ. ભટ્ટાચાર્ય**
- તરતાં આવડતું હોય અને દરિયામાં પડો તેમાં કોઇ બહાદુરી નથી, તરતાં ન આવડતું હોય ત્યારે કૂદી પડવું જોઇએ **- બ્લેઝ પાસ્કલ**
- આપણે 'શ્રી' મેળવી પણ પ્રજ્ઞા ગુમાવી તે ક્યાં છે? માહિતી મેળવવા જતાં આપણે જ્ઞાન ગુમાવી બેઠા છીએ તે ક્યાં છે? **- સુરેશ દલાલ**
- જેની પાસે 'તરત અને તરવરાટ' છે એ હંમેશા યુવાન છે **- અમૃતલાલ વેગડ**
- ભક્તિ કે કર્મની ઉચ્ચત્તમ ભૂમિકા તે જ દર્શન, અને ત્યાં જ જ્ઞાન, ભક્તિ અને કર્મ સ્વયં ઇશ્વરરૂપ બને છે **- નવનિત**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર નાની-મોટી આપત્તિઓ પણ સુખના દરવાજા ખોલી દે છે. ફેફસાનો કોઇ નાનો રોગ થયો હોય એને ડોક્ટર ગંભીર સ્વરૂપ આપી કહી દે, હવે જો બીડી-સિગાર નહીં મૂકો તો ટીબીની સારવાર શરૂ કરવી પડશે અને વ્યસન તાત્કાલિક છૂટી જાય. ધરતીકંપ-પૂર-વાવાઝોડાં પછી ઘર-રસ્તાનું નવસર્જન થાય..

ખેડૂતનો બળદ હવે ઘરડો થયો હતો એટલે છૂટો મૂકી દીધો હતો પણ રાત્રે એ બળદ પોતાનું ઘર સમજી પાછો આવી જતો. ખેડૂતના ખેતર ખાતર માટે એક ઊંડો ખાડો બનાવ્યો હતો. એમાં આ બળદ પડી ગયો. બહાર નિકળાય નહીં અને ગામડાં એવા કોઇ સાધન નહીં. ખેડૂત ગામના યુવાનોને બોલાવી પોતાની વાત સમજાવી - 'કહ્યું બળદ ઘરડો છે અને ખાડો તો હું બીજે બનાવી દઇશ. આપણે આ ખાડામાં જ બળદને સમાધિ દઇ દઇએ.'

યુવાનો તૈયાર થઇ ગયા. માટી-રેતી-કચરાના ટ્રેક્ટર ખાડામાં પડવા લાગ્યા. બળદ શરીર ખંખરતો જાય અને કચરા પર ચઢતો જાય - ખાડો અર્ધો ભરાઇ ગયો અને બળદ કૂદકો મારી બહાર નીકળી દોડીને ભાગી ગયો. ખેડૂત અને યુવાનોને આવી તો કલ્પના જ ન હતી... બળદ માટે આપત્તિ ઉદ્ધારક બની ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

દૂર એક નજર ચિત્તલ ઝાડ સાથે તેનાં શિંગડાં ઘસી રહ્યો છે, તેનાં શિંગડા પાકટ થઇ ગયા છે તેથી ઘસીને તે ઉપરનું પડ કાઢી રહ્યો છે, ખરીવાળાં, વાગોળનારાં આ પૌરાણિક હરણને શાસ્ત્રોમાં સુવર્ણ મૃગ નામ પણ અપાયું છે

પંખીઓ કલરવ કરી રહ્યા હતા. આકાશમાં ધીરે ધીરે ઉપર ચડતા સૂર્યનાં સોનેરી કિરણો ધરતી પર પથરાઇ રહ્યા હતા. આજે સવારથી મુલાકાતીઓનાં ટોળે ટોળા ઊમટી પડ્યા હતા. રંગબેરંગી ફેશનેબલ વસ્ત્રોમાં યુવા કપલો, કોઇ વયોવૃદ્ધ વડીલ સાથે બાળકો અને તેનાં માતાપિતા હતા. તો વળી સામેથી એક શાળાના બાળકોનું મોટું ઝુંડ પણ આવી રહ્યું હતુ. જેનાથી ધૂળની રડ ઊડતી હતી. શાળાના ગણવેશમાં સજ્જ શિસ્તબદ્ધ રીતે આવતાં એ ભુલકાઓની આંખોમાં વિસ્મય જોઇ શકાતું હતું. બધા ચિત્તલને એટલે કે **Spotted Deer** ને જોતાં હતા. ચિત્તલના પાંજરાના એક થાંભલા પર તકતી લગાવેલી છે. તેમાં લખ્યું છે કે હરણોદ્યાનનું ઉદ્ઘાટન મહામહીમ રાજયપાલ શારદા મુખરજીના હસ્તે તા. ૨૦/૫/૧૯૭૨ ના રોજ થયું છે.

પાંજરામાં ચિત્તલ નર અને માદાનું ટોળું મુક્ત રીતે વિહરે છે. કેમ કે પાંજરું ખુબ વિશાળ છે. હરણ કુળનું આ સૌથી સુંદર પ્રાણી છે તેની સોનેરી ચામડી પર સફેદ ટપકાં હોય છે. જેના કારણે તે ખુબ આકર્ષક અને મનમોહક લાગે છે. નર ચિત્તલને શિંગડાં હોય છે. જેમાં બે શાખા હોય છે. તેના તાજાં ઉગેલા શિંગડાં પર મખમલ જેવું પડ હોય છે.

દૂર એક નજર ચિત્તલ ઝાડ સાથે તેનાં શિંગડાં ઘસી રહ્યો છે. તેનાં શિંગડા પાકટ થઇ ગયા છે તેથી ઘસીને તે ઉપરનું પડ કાઢી રહ્યો છે. ખરીવાળાં, વાગોળનારાં આ પૌરાણિક હરણને શાસ્ત્રોમાં સુવર્ણ મૃગ નામ પણ અપાયું છે. રામાયણમાં સીતાજી તેના રૂપથી મોહીત થતાં સીતા હરણનો પ્રસંગ સર્જાય છે. ચિત્તલની સોનેરી રંગની આછી રૂંવાડી વાળા ચામડા પર થોડા થોડા અંતરે ટપકાંને લીધે સુંદર લાગે છે. પાકા વયનાં ચિત્તલ વધુ ઘેરા અને કથ્થઇ રંગના હોયછે. ચિત્તલ ૧૦-૨૦નાં ટોળામાં જ હોય છે. જેમાં બે થી ત્રણ નર હોય છે અહીં પણ એવું જ છે. પાણીનાં કુંડ પાસે ચિત્તલનું મોટું ટોળું આવ્યું છે. તેથી મુલાકાતીઓને નજીકથી ચિત્તલ જોવા મળી રહ્યાં છે. ઘણી વખત મેં જોયું છે કે પુખ્ત નર માદાઓ પર પ્રભુત્વ જમાવવા લડે છે. વિજેતા બળિયો નર માદાઓ સાથે જોડી બનાવીને રહે છે. સંવનન કાળ દરમિયાન નર ચિત્તલ ખાસ અવાજ દ્વારા માદાને આકર્ષવા પ્રેમ સંદેશ આપે છે. જંગલની જેમ અહીં પણ વાંદરાઓને ચિત્તલની સાથે દોસ્તી છે. લીલું ઘાસ હજું આવ્યું નથી ત્યારે પાંજરામાં રહેલાં વૃક્ષો પરથી ઊંચાઇ એ ઊંગેલા ફળફુલને તે પર્ણો તોડીને વાંદરા નીચે નાંખી રહ્યા છે અને કેટલાંક ચિત્તલ વૃક્ષ નીચે ઊભાં ઊભાં તે પ્રેમથી નિર્ભય બની આરોગે છે. આ ચિત્તલોની મોર સાથે પણ સારી દોસ્તી છે. ચિત્તલના નાના બચ્ચાં બાળકોને ખુબ જ ગમે છે. માદા ચિત્તલ સામાન્ય રીતે એક સમયે કે જ બચ્ચાને જન્મ આપે છે. પરંતુ વર્ષમાં તે ફરીથી બીજા બચ્ચાંને પણ જન્મ આપી શકે છે. તેથી આ પ્રાણી બહુ બચ્ચાંને જન્મ આપનારા પ્રાણીઓ પૈકી ગણતરી પામ્યાં છે અને હરણોદ્યાન બન્યું ત્યારે લાવેલ તે જોડીમાંથી તેની સંખ્યા બહુ ઝડપથી વધી છે.

દૂરથી ટેમ્પો આવતો જોઇ ચિત્તલનું ટોળું એ તરફ જોવા લાગે છે. હાં લીલું ઘાસ આવી ગયું છે. બે - ત્રણ એનિમલ કોપર રોજમદારો તેને તોલે છે. હું એ તરફ જતો હતો ત્યાં જ પાર્કના ચોકીદાર અમરસિંહ બે ત્રણ યુવાનોને સાથે લઇને આ તરફ આવતા દેખાય છે. તેમની વચ્ચે કંઇક રકઝક થઇ હોય એવું લાગે છે. અમરસિંહ ગુસ્સામાં દેખાય છે. તો પેલા યુવાનો પોતે નિર્દોષ છે એવું સાબિત કરવાની કોશિશ કરતા હોય તેમ જણાય છે. જો કે તેમના વચ્ચે શું ચર્ચા થઇ રહી છે તે દૂરથી સંભળાતી નથી પણ કંઇક પ્રશ્ન ઊભો થયો છે એમ લાગતા હું એ તરફ જાઉં છું.

'અમર સિંહ શું થયું?'

'સાહેબ, આ છોકરાઓ મગરને કાંકરીચાળો કરતા હતા.'

'તમે મગરને કાંકરો મારેલો?' મેં પુછ્યું.

'હાં, અમને એમ કે મગર સાચો છે કે ખોટો. તે જીવે છે કે નહીં તેની ખાત્રી કરવા મારા દોસ્તારે એવું કરેલું.'

'હું તો એવું કરવાનો જ નહોતો પણ આણે શરત લગાવેલી કે મગર મરેલો છે.'

'અચ્છા'

'સાહેબ જવા દો ને અમે તો ફરવા અને આનંદ કરવા અહીં આવ્યા હતા. પણ આ ભાઇએ અમારી મજા જ બગાડી નાંખી' ત્રીજા છોકરાઓ અમરસિંહ સંદર્ભે કહ્યું.

'આ ભાઇ પાર્કમાં વોચમેન છે. તેણે જે કર્યું તે બરાબર જ કર્યું છે.'

... છોકરાએ કાકલુદી કરવા માંડી.

'તમે મગર ને જોવા ગયા ત્યાં એક બોર્ડ લગાવ્યું હતું તે તમે જોયેલું?'

'હાં, તેના પર સૂચનાઓ લખેલી હતી. પણ અમે ઉતાવળમાં હતા એટલે વાંચેલી નહીં.' અમારે પાર્કના નિયમોનું પાલન કરવું જોઇતું હતું.' બીજા છોકરાએ જરા ડહાપણ બતાવતાં કહ્યું.

'હું એ બોર્ડની વાત નથી કરી રહ્યો. એક બીજું પણ બોર્ડ હતું.'

'હા.. હા.. હવે યાદ આવ્યું તેમાં માણસને મગરના કુંડમાં અને મગરને બહાર હાથમાં પત્થર લઇને ઉભેલ બતાવેલો ખરું ને?'

'હાં જો તમારી સાથે પણ એવું થાય તો તમને ગમે?'

'ના, પણ હવે શું ભુલ થઇ ગઇ તે થઇ ગઇ હવે પછી કયારેય એવું નહીં કરીએ.'

'બેટા તમે તો બધા ભણેલા ગણેલા અને સંસ્કારી ઘરનાં છોકરાઓ છો. આપણાં શાસ્ત્રોમાં પણ સૌ જીવે પ્રત્યે દયા, કરૂણા અને પ્રેમ રાખવાનું કહ્યું છે. ખરૂં ને, તો હવે ધ્યાન રાખજો. મજાક મસ્તીમાં, શરત લગાવવામાં કોઇને હેરાન ન કરાય સમજ્યા ને' મેં કહ્યું.

સાહેબ તમારી વાત બીલકુલ સાચી છે. પણ તમારા આ વોચમેને તો અમને એવું કંઇ કહ્યું જ નહોતું એ તો ધમકાવીને અહીં લઇ આવ્યો.

'એ તેની ફરજ હતી.'

'સાહેબ અમે ખાત્રી આપીએ છીએ કે હવે એવું કોઇ દિવસ નહીં બને.'

'સારું જાવ.'

એ લોકો જતા રહ્યા એટલે અમરસિંહે કહ્યું, 'સાહેબ તમે આ બરાબર નથી કર્યું.'

'કેમ?'

'આ લોકોને છોડવા જેવા નહોતા. બરાબરની શિક્ષા કરવાની જરૂર હતી.'

'અમરાજી, એ લોકો કાંઇ ગુનેગાર નહોતા. આપણા પાર્કના મુલાકાતી હતા. તે આપણા મહેમાન કહેવાય. તેમણે ભૂલ કરી એ માટે તેમને જરા ઠપકો આપવાનો હતો તે આપ્યો. તેમને જે સમજાવવા જેવું હતું તે સમજાવ્યું. હવે તેઓ કયારેય એવું નહીં કરે તેની મને ખાત્રી છે.'

'સારું કહેતાં હાથમાંથી લાકડી પછાડતા અમરસિંહ ચાલવા લાગ્યા.'

'અમરાજી કયાં ચાલ્યાં.'

'ગાંધીનગર જાઉં છું. જતાં જતાં આ છોકરાઓને તોફાન કરતા જોયા એટલે પકડી લાવ્યો. મારે તો દિવાલ તરફના ભાગે નાઇટ ડ્યુટી હતી.'

'હા બરાબર તો દિવાલ હવે સલામત છે ને?'

'જી, સાહેબ એ પછી કોઇ તરફ ડોકાયું નથી. આમ પણ અમરસિંહ ઠાકોર હોય પછી કોઇની મગદૂર નથી કે નુકસાન કરવા આવે.'

'એ વાત તો ખરી, તમારી વાત થાય એમ નથી.' મેં એને ચણાના ઝાડ પર ચડાવ્યા.

'સાહેબ એક વાત કરવી છે.'

'બોલો ને'

'મારે બંદૂકનું લાઇસન્સ લેવું છે મળે?'

'કેમ નહીં પણ બંદૂક લઇને તમે શું કરશો.'

'સાહેબ આ ખાખી લુંઘડાની નોકરી મળી છે. ત્યારથી એક સપનું છે પહેલાં ઘોડો લેવો હતો. પણ હવે તમારા જેવી મોટર સાયકલ હોય તો ય ચાલે. અને બીજી બંદૂક પછી દિયોર કોઇ નામ લ્યે તો કે જો.'

'તમે શું કરો?'

'ભડાકે દઉં...'

'એવું ન થાય.. સમજાવટથી કામ લેવું પડે. આટલું કહ્યા પછી તેમની ગાડી બીજે પાટે વાળવા મેં પુછ્યું.'

'અમરાજી આ મગર કુંડ કયારે બનેલા?'

'એને તો ઘણાં વર્ષો થયા. બધા એવું કહેતા કે મગર ઉછેરવા માટે કુંડ બનાયા છે. નાના મોટા થઇને આઠ જેટલા કુંડ છે. તેની ચારેબાજુ દિવાલ ચણી બંધ કરેલા તોય એકવાર મગર નીકળીને ભાગી ગયેલો. તે પછી ઉપર એંગલો ફીટ કરી કાંટાળા તાર બાંધ્યા છે. પણ સાહેબ કહું તો પેલા છોકરાઓનો પણ વોંક તો ના જ કહેવાય. આ મગર કેવા મોઢાં ફાટીને પડ્યા હોય છે. જરાય હલે જ નહીં.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

ઓઝોન પડની સુરક્ષાનું મિશન વણથભ્યું છે...

વર્ષ ૧૯૯૪માં સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં ઠરાવ કર્યા મુજબ વિશ્વસ્તરે દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને - ઓઝોન પડની જાળવણીના આંતરરાષ્ટ્રીય દિન તરીકે ઉજવવામાં આવે છે. યુએન- યુનાઈટેડ નેશન્સની પર્યાવરણીય બાબતોની દેખરેખ રાખતી સંસ્થા યુએનઈપી- યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામથી પ્રચલિત સંસ્થાના ઓઝોન સચિવાલયના એક્ઝિક્યૂટિવ સેક્રેટરી તિના બિર્મ્પિલ્લીના પત્ર તા. ૧.૭.૨૦૧૪માં જણાવ્યા મુજબ ચાલુવર્ષના ઓઝોનદિનનું થીમ ઓઝોન લેયર પ્રોટેક્શનઃ ધ મિશન ગોઝ ઓન અર્થાત્ ઓઝોન પડની સુરક્ષાનું મિશન વણથભ્યું છે શિર્ષક હેઠળ -વિષયવસ્તુ જાહેર કરવામાં આવ્યું છે. તેઓએ વધુમાં મેર્યું છે કે, ઓઝોન પડને પાતળુ કરતા પદાર્થો બાબતે કરારબદ્ધ થકી ઓળખાતા મોન્ટ્રીયલ પ્રોટોકોલ અંતર્ગત ઓડીએસ ના ટૂંકા નામથી ઓળખાતા-ઓઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ પદાર્થોનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાના કેટલાંક લક્ષાંકો હાંસલ કરવામાં નોંધપાત્ર સફળતા મળી છે. પરિણામરૂપે, પૃથ્વીના વાતાવરણમાં અત્યાર સુધીમાં મેરાયેલા ઓડીએસના પુષ્કળ જથ્થામાં ઘટાડો જોવા મળ્યો છે. આથી, વર્તમાન સદીની મધ્ય સુધીમાં, પૃથ્વી ફરતે ઓઝોનનું પડ નવપલ્લવિત બનશે તેવી અપેક્ષા છે. તેમ છતાં, તમામ ઓડીએસ પદાર્થોને તબક્કાવાર સંપૂર્ણપણે નાબૂદ કરવામાં હજી કેટલીક બાબતો પડકારરૂપ છે. ઓઝોન પડની સમસ્યા સાથે સંકળાયેલા તમામ હિતધારકો દ્વારા લેવામાં આવી રહેલ જરૂરી પગલાંઓમાં વધારો કરીને આ પડકારોનો સામેનું કવચ મજબૂત કરવાનું ચાલુ વર્ષના ઓઝોનદિનની ઉજવણીનું થીમ છે.

૧૬મી સપ્ટેમ્બર - ઓઝોન પડની જાળવણીના આંતરરાષ્ટ્રીય દિન પ્રસંગસર

- નરેશ ઠાકર

ઓઝોન અને તેનું (કુદરતી) નિર્માણઃ

ઓઝોનના દરેક અણુમાં ઓક્સિજન તત્વના ત્રણ પરમાણુ હોય છે. ડાયએટોમિક એટલે કે, બે પરમાણુવાળા ઓક્સિજન પર સૂર્યના યુવી-અલ્ટ્રાવાયોલેટ કિરણોની પ્રક્રિયાથી બનીને, સ્ટ્રેટોસ્ફિયરથી ઓળખાતા પૃથ્વીના બાઝા ઉપલા વાતાવરણમાં ઓઝોન આવરણરૂપે છે. આપણે શ્વાસ લેવામાં ઓક્સિજન લઇએ છીએ, તે વનસ્પતિની દેણ છે. ઓઝોન કુદરતીરીતે નિરંતરપણે બનતો રહે છે. આમ, સૂર્યના યુવી-કિરણોની પ્રક્રિયાથી ઓઝોનને નવપલ્લવિત બનવાની ક્રિયામાં વનસ્પતિ પણ મહત્વની ભૂમિકા અદા કરે છે.

સૌને સહાયરૂપ ઓઝોન પડઃ

પૃથ્વીના બાઝા ઉપલા સ્ટ્રેટોસ્ફિયરિક વાતાવરણમાં આવરણરૂપે ઓઝોન પડ સૂર્યમાંથી નીકળતા સૌને અસર કરતા મોટાભાગના યુવી રેડિએશનને ઢાલ બનીને ખાળે છે.

ઓઝોન પડ - નુકશાન અને અસરો :

વર્ષ ૧૯૭૦ના દાયકામાં થયેલ સંશોધનમાં જણાયું કે, માનવ સર્જિત કેટલાંક ઉત્પાદનો સ્ટ્રેટોસ્ફિયરમાં રહેલ ઓઝોન આવરણના અણુઓનો નાશ કરે છે. આગળ જતાં સંશોધન અને મોનીટરીગના આધારે ઓઝોનના આવરણને નુકશાન કરતા સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સ, હેલોન્સ, ટેટ્રાક્લોરાઇડ્સ, મીથાઇલ ક્લોરોફોર્મ, વગેરે જેવા ૯૫થી અધિક કેમિકલ્સની ઓળખ થયેલ છે. જુદાજુદા ઓડીએસ- ઓઝોન ડિપ્લિટીગ સબ્સ્ટન્સિસ પદાર્થોમાંથી છૂટા પડતા ક્લોરિન વાયુનો એક પરમાણું ઓઝોનના એક અણુ સાથે પ્રક્રિયા કરીને ક્લોરિન ઓક્સાઇડ અને ઓક્સિજન વાયુ અલગ કરે છે. ફરીથી, આ ક્લોરિન ઓક્સાઇડ વાતાવરણમાં રહેલ ઓક્સિજનના એક પરમાણું સાથે પ્રક્રિયા કરીને ક્લોરિનનો પરમાણું અને ઓક્સિજન વાયુ બને છે. આમ, ક્લોરિનનો આ એકલો અટૂલો પરમાણું એક પછી એક ઓઝોનના અણુઓ સાથે પ્રક્રિયા કરીને ઓઝોનના અણુઓનો નાશ કરતો રહે છે.

આથી, ઓઝોનપડ પાતળુ થવાથી જીવસૃષ્ટિને અસર કરતા સૂર્યના કેટલાંક યુવી-કિરણો પૃથ્વી સુધી પહોંચે છે, પૃથ્વીની નાજૂક પ્રકૃતિ એવી ઈકો-સિસ્ટમને નુકશાન કરે છે. ચામડીના કેન્સર અને આંખના મોતિયા જેવા માનવીઓના રોગોમાં વધારો થાય છે.

સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સ પદાર્થોના ઉપયોગોઃ સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સના પદાર્થોનો ઉપયોગ કૂલિંગ સિસ્ટમ, રેફ્રિજરેટર્સ, (સુગંધી) છાંટવાના સ્પ્રે, ફિણવાળા પદાર્થોની બનાવટોમાં, અગ્નિશામક સાધનો, વગેરેમાં અગાઉ વ્યાપક ઉપયોગ થતો હતો.

સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સના વિકલ્પઃ એચએફસી-હાઈડ્રોફ્લોરોકાર્બન્સ અને એચસીએફસી- હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સને સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સના વિકલ્પ તરીકે સ્થાન મળ્યું છે. સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સ પર આધારિત મોટાભાગના પદાર્થોનું ઉત્પાદન તબક્કાવાર કાયમી ધોરણે બંધ કરવાથી તેના સ્થાને હવે આ પદાર્થોનો ઉપયોગ દાખલ કરવામાં આવ્યો છે. ઓઝોનના પડ પર આ પદાર્થોની આડઅસર ઘણી ઓછી છે.

સૂર્યના કેટલાંક યુવી-કિરણો રોગ પ્રતિકારક શક્તિને ક્ષીણ કરે છેઃ સૂર્યના યુવી-કિરણોનું ઈરેડિએશન કરીને ચેપી માધ્યમો અને ચામડીના કેન્સર પ્રતિ ક્ષીણ થતી રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો કરીને ઇમ્યૂન સિસ્ટમમાં ફેરફાર કરી શકાય છે.

વૈશ્વિક પગલાં - ઓઝોન પડના સંરક્ષણ માટેઃ વર્ષ ૧૯૮૫માં, વિશ્વના રાષ્ટ્રોએ ઓઝોનના પડના સંરક્ષણ માટે આયોજિત વિયેના કન્વેન્સનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ, વર્ષ ૧૯૮૭માં, ઓઝોનના પડને પાતળુ કરતા પદાર્થો વિષયક પરસ્પર સમજુતિ સાધીને મોન્ટ્રીયલ પ્રોટોકોલ નામે કરાર કર્યો. યુએનઈપી- યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ દ્વારા સાયન્ટિફિક, ટેક્નોલોજીકલ, ઈકોનોમિક, પર્યાવરણ અને આરોગ્ય પર મૂલ્યાંકન અહેવાલો તૈયાર કરાવવાનું નક્કી કર્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સર્જનાત્મક વ્યક્તિ સાવ બ્લેન્ક થઇ જાય ત્યારે શું કરવું?

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

Creator's Block ના સમયે વ્યક્તિને નાસીપાસ ન થવું. પોતાનો આત્મવિશ્વાસ ટકાવી રાખવો જરૂરી છે કે આ સમય ક્ષણિક ટેમ્પરરી છે, આ સમયની સમજણ-આત્મસૂઝ પણ વ્યક્તિને આમાંથી બહાર આવવામાં મદદ કરે છે. વ્યક્તિ હવા-પાણી બદલી આવે, નાનું વેકેશન લઇ લે તો પણ આ સમય આરામથી નીકળી જાય, ગીતો સાંભળવા, ચાલવા જવું, નવું પિક્ચર જોઇ આવવું, નાની-મોટી પાર્ટી કરવી. દરેક વખતે સારું જ સર્જન કરી શકાય એવું જરૂરી નથી, એવું સ્વીકારવું.

'તુમ મિલે' પિક્ચર તમે જોયું છે? ઇમરાન હાસ્મી તેમાં ચિત્રકારની ભૂમિકા ભજવી છે. જેમાં એક સમય એવો આવે છે કે જયારે તે પેઇન્ટિંગ બનાવી નથી શકતો, અચાનક જ તેને રંગો કઇ રીતે પૂરવા, શેનું ચિત્ર બનાવવું, એ વિશે સમજ નથી પડતી. જાણે કે તેના વિચારો બંધ થઇ ગયા. મગજ બ્લેન્ક-ખાલી થઇ ગયું. તેને કંઇ પણ સૂઝ નથી પડતી. આ સમયે તે કંઇ પણ કામ નથી કરી શકતો. તેના પરિણામે તે ઉદાસી રોગમાં સરી પડે છે. ગુસ્સે થાય છે, ચીડિયો થઇ જાય છે, પોતાની ગર્લફ્રેન્ડ સાથે પણ તેનાં લડાઇ ઝઘડા થવા માંડે છે. તેને સમજ નથી પડતી કે શું કરે તો તે ફરી ચિત્ર બનાવી શકે?

આ પ્રકારનો જ થીમ 'શબ્દ' ફિલ્મનો છે. સંજય દત્ત લેખક હોય છે. નોવેલ લખતો હોય છે. અચાનક તેનું લખવાનું બંધ થઇ જાય છે. શબ્દો જાણે કે ખોવાઇ જાય છે, તેનાથી દૂર ભાગે છે. લખવા બેસે અને વિચારો બંધ થઇ જાય, લખવાની સમજ જ નથી પડતી એને. ત્યારબાદ લાંબા સમય પછી તે ફરીથી લખે છે.

સર્જનાત્મક લોકો - વ્યક્તિની જિંદગીમાં ઘણી વાર આવી ઘટના બને છે. અચાનક જ તેમની સર્જનશક્તિ ગાયબ થઇ જાય છે. લખી નથી શકતા, ચિત્ર નથી બનાવી શકતા, નવું સંગીત નથી બનાવી શકતા, ડાન્સનાં નવા સ્ટેપ્સ નથી શીખવાડી શકતા, મૂર્તિકાર મૂર્તિ નથી બનાવી શકતા, આ Creator's Blockતરીકે જાણીતું છે. લખનાર, કવિ, વાર્તાકાર, લેખક, કોલમિસ્ટ, ગઝલકારને થતો અનુભવ Writer's Block તરીકે જાણીતો છે.

પશ્ચિમી દેશોમાં ઘણી સર્જનાત્મક વ્યક્તિઓએ આવા સમયનો જાહેરમાં સ્વીકાર કરેલો છે. જેમ કે નીલ ગૌમેન, એની એમલોટ. આ સમયે તેઓને લખવા માટેના કોઇ વિચાર નથી આવતા. લખવા ઇચ્છે તો શેના ઉપર લખે, વિષય નથી શૂઝતો. જાણે કે શબ્દો ગાયબ થઇ ગયા, તેમનું મન કોરી સ્લેટ જેવું થઇ ગયું. અમુક વાર એવું પણ બને કે એક સાથે ઘણા બધા વિષયો સૂઝે, પરંતુ ક્યાં વિષયને પ્રાથમિકતા આપવી, તેના ઉપર તેઓ નક્કી નથી કરી શકતા. તો અમુક વખત લખવાનું ચાલુ કરે, પરંતુ અધવચ્ચે અટકી જાય. આગળ શું લખવું તેની સમજણ ન પડે. કોઇ વાર લખાણ ફાડી નાખવાનું મન થાય. તો કોઇક વ્યક્તિને એવા સપનાં આવે કે લોકો તેમના લખાણને પસંદ નથી કરી રહ્યા, તેમનું લખાણ બોરીંગ - કંટાળાજનક છે અને તેમનું લખવાનું બંધ થઇ જાય, તો ક્યારેક પોતે જ લાગણી દર્શાવવા માગે છે કે જે કહેવા માગે છે તેને અનુરૂપ યોગ્ય શબ્દ જ ન મળે.

આવાં હુમલા ક્યારેક વારંવાર આવે તો કેટલાક માત્ર એકાદ વખત આવે છે. આવા સમયે વ્યક્તિ ઉદાસી રોગમાં સરી પડે એવું પણ બને! તો એથી વિપરીત પર એટલું જ સાચું છે. અચાનક ઉદાસી રોગનો હુમલો આવે અને શબ્દો ગાયબ થઇ જાય. ઘણા અભ્યાસમાં એવું જાણીતું છે કે સર્જનાત્મક વ્યક્તિ કોઇક પ્રકારની માનસિક બિમારીથી પીડાતા હોય એવું પણ બને. તેમાં પણ જો તેમનો ઉન્માદ બિમારીનો હળવો હુમલો આવે જયારે વ્યક્તિ ખૂબ આત્મવિશ્વાસથી સભર હોય, તેને નવા નવા વિચારો આવે, શબ્દોનો અતિરેક થાય, સર્જનાત્મક શક્તિ વધી જાય તો ઉદાસી રોગના હુમલામાં વળી તે જતી રહે. તેવા સમયે વ્યક્તિ Creator's Block નો અનુભવ કરી શકે એવું બને. અમુક વખત એવું ય બને કે વ્યક્તિના જીવનમાં કંઇક અણધારું બની જાય, કોઇ પ્રિય વ્યક્તિનું મૃત્યુ થાય, નોકરી જતી રહે, ધંધામાં નુકસાન થાય. તો પણ Creator's Block આવી શકે. કોઇ ક વાર પ્રસિદ્ધિ મળ્યા બાદ પણ આ ટકાવી રાખવાના દબાણમાં પણ આવી બની શકે છે.

જેવું 'તુમ મિલે' પિક્ચરમાં ઇમરાન હાશ્મી સાથે બને છે અને 'શબ્દ' પિક્ચરમાં પણ બને છે. કોઇક વાર ડિવોર્સ પણ આનું કારણ બની શકે છે. આવા સમયે તેઓ હીનભાવનાથી પણ પીડાઇ શકે. પોતે લખવા માટે સક્ષમ નથી, તેનાથી પણ તેમની તકલીફમાં વધારો થાય છે. તો આવા સમયે શું કરવું?

આવા સમયે વ્યક્તિએ નાસીપાસ ન થવું, પોતાનો આત્મવિશ્વાસ ટકાવી રાખવો જરૂરી છે કે આ સમય ક્ષણિક - ટેમ્પરરી છે, થોડા સમય પૂરતો છે. કોઇ વાર કલાકો માટે, દિવસો માટે, મહિનાઓ સુધી પણ ચાલી શકે છે. આ સમયની સમજણ-આત્મસૂઝ પણ વ્યક્તિને આમાંથી બહાર આવવામાં મદદ કરે છે. વ્યક્તિ હવા-પાણી બદલી આવે, નાનું વેકેશન લઇ લે તો પણ આ સમય આરામથી નીકળી જાય. લખવા કે સર્જનાત્મકતા માટે સમયનું રિસ્ટ્રક્ચરિંગ કરવું, અમુક સમય માટે જ લખવું. જેમ કે, વહેલી સવારે કે રાત્રે. બાકીના સમયે પોતાની રોજબરોજની પ્રવૃત્તિમાં પણ પ્રવૃત્ત રહેવું. પોતાના લખાણને કે સર્જનાત્મકતાને જાતે જ મૂલવવું નહીં.

પોતાનાં નજીકનાં સગા-સંબંધીની સલાહ અચૂક લેવી. પોતાના મનગમતા વિષય પર લખવાનું શરૂ કરી શકાય. એકીસાથે આખો આર્ટિકલ ન લખવો. નાના-નાના ફકરાઓમાં લખી શકાય. પોતાની પાસે નાની ડાયરી રાખવી. જેમાં સમયાંતરે આવતાં વિચારો નોંધ કરી લેવા, જેથી જયારે એવો બ્લોક આવે ત્યારે તે મદ